Extra No. 86

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] MONDAY, MARCH 23, 2026 / CHAITRA 2, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)

File No: KHD/MSC/e-file/450/2026/0914/MAG BRANCH.-નડીઆદ મહાનગરપાલિકા દ્વારા (૧) સેન્ટ્રલ પમ્પીંગ થી મેઈન પમ્પીંગ સ્ટેશન સુધી રાઈઝીંગ મેઈન (Rising main) નાંખવાની કામગીરી, (૨) પારસ સર્કલ થી કપડવંજ રોડ સુધી સ્ટ્રોમ વોટર લાઈન (Strom Water Line) અને (૩) કમળા -રોડ કાંસ ઉપર આવેલ બોક્સ કલ્વર્ટ (Box Culvert) ની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. જે અન્વયે એજન્સી દ્વારા સદર - કામગીરી શરૂ કરવાની થતી હોય, મીલ રોડ થી કમળા ચોકડી સુધીનો જાહેર માર્ગ (અંદાજિત ૬ માસ) માટે વાહન-વ્યવહારની અવર-જવર માટે બંધ રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા મ્યુ. કમિશ્નરશ્રી, નડીઆદ મહાનગરપાલિકાનાઓના દ્વારા તા.૧૩/૦૨/૨૦૨૬ ના પત્ર જાવક નં.એ/સીઈ/૧૫૯૫/૨૫/૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા તેઓશ્રીના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/નડીઆદ / ૩૪૧/૨૦૨૬, તા.૦૬/૦૩/૨૦૨૬ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અહેવાલ રજૂ કરેલ છે. મ્યુ. કમિશ્નરશ્રી, નડીઆદ મહાનગરપાલિકાની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૦/૦૩/૨૦૨૬ થી તા.૧૭/૦૬/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના જાહેર માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1. નડીયાદ સરદાર ભવન ત્રણ રસ્તાથી મીલ રોડ ત્રણ રસ્તા, મજુરગામ, મીલરોડ, મહીલા આર્ટસ કોલેજ રેલ્વે ફાટક થઈ કમળા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર.
2. નડીયાદ સંત અન્ના ચોકડી થી મીલ રોડ ત્રણ રસ્તા થઈ કમળા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર.
3. કમળા ચોકડી થી રેલ્વે ફાટક મહિલા આર્ટસ કોલેજ, મજુરગામ, મીલ રોડ ત્રણ રસ્તા થઈ નડીયાદ તરફથી આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1. નડીયાદ સરદાર ભવન ત્રણ રસ્તાથી મીલ રોડ ત્રણ રસ્તા. મજુરગામ, મીલરોડ, મહીલા આર્ટસ કોલેજ રેલ્વે ફાટક થઈ કમળા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- સરદાર ભવન ત્રણ રસ્તાથી રેલ્વે ઓવર બ્રિજ થઈ મીશન રોડ, ડભાણ ચોકડી થી જમણી બાજુ વળી કમળા રોડ, કમળા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.
- સરદાર ભવન ત્રણ રસ્તાથી મીલ રોડ ત્રણ રસ્તા, સંતઅન્ના ચોકડી, એસઆરપી ગૃપ-૭, બીલોદરા ચોકડી થી ડાબી બાજુ વળી, મંજીપુરા ચોકડી થઈ કમળા ચોકડી તરફ જઈ શકાશે.
- નાના ટુ-વ્હીલર વાહનો મીલ રોડ તથા સંતઅન્ના ચોકડી થી જવાહરનગર, મંજીપુરા ચોકડી થઈ કમળા ચોકડી તરફ જઈ શકાશે.

2. નડીયાદ સંત અન્ના ચોકડી થી મીલ રોડ ત્રણ રસ્તા થઈ કેમળા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- નડીયાદ સંત અન્ના ચોકડી થી કપડવંજ રોડ, એસઆરપી ગૃપ-૭, બીલોદરા ચોકડી થી ડાબી બાજુ વળી મંજીપુરા ચોકડી થઈ કમળા ચોકડી તરફ જઈ શકાશે.

3. કમળા ચોકડી થી રેલ્વે ફાટક મહિલા આર્ટસ કોલેજ, મજુરગામ, મીલ રોડ ત્રણ રસ્તા થઈ નડીયાદ તરફથી આવતો તમામ વાહન વ્યવહાર.

- કમળા ચોકડી થી મંજીપુરા ચોકડી, બીલોદરા ચોકડી થી જમણી બાજુ વળી એસઆરપી ગૃપ-૭, સંતઅન્ના ચોકડી, મીલ રોડ, સરદાર ભવન નડીયાદ થઈ આગળ તરફ જઈ શકાશે.
- નાના વાહનો કમળા ચોકડી થી ડભાણ રોડ રેલ્વે ઓવરબ્રિજ, ડભાણ ચોકડી થી ડાબી બાજુ વળી મીશન રોડ થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેડા-નડીઆદ, તા.૧૭-૦૩-૨૦૨૬.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.24 15:48:55 IST